ઉનાળામાં પ્રાણીઓની સલામતી માટે સયાજીબાગ પ્રાણી સંગ્રહાલયના મેનેજમેન્ટનો સંવેદનશીલ પ્રયાસ

# ઝૂમાં પ્રાણીઓ માટે ખાસ કૂલિંગ વ્યવસ્થા





**પાણીનો છંટકાવ,** બરફના બ્લોક્સ, ફોગર્સ અને મોસમી ફળો દ્વારા પ્રાણીઓને ડિહાઇડ્રેશન તથા હીટ સ્ટ્રેસથી બચાવવા તંત્ર સજ્જ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

ગુજરાતમાં તાપમાન સતત વધી રહ્યું છે, ત્યારે સયાજીબાગ પ્રાણી સંગ્રહાલયના મેનેજમેન્ટ દ્વારા ઉનાળાની તીવ્ર ગરમીમા પ્રાણીઓના આરામ, આરોગ્ય અને સલામતી સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો ઝડપી અને સંવેદનશીલ બનાવ્યા છે. પ્રાણી સંગ્રહાલયના સત્તાવાળાઓએ પ્રાણીઓને ગરમીથી બચાવવા અને ગરમી સંબંધિત તણાવથી મુક્ત કરવા માટે અનેક પગલાંઓ અમલમાં મૂક્યા છે. જેમાં પાણીનો છંટકાવ કરવાથી લઈને તેમને મોસમી ફળો આપવા અને બરફના બ્લોક્સ મૂકવા જેવા કામોથી પ્રાણીઓને ગરમીથી બચાવવા માટેના પ્રયાસો સામેલ છે.

પ્રાણી સંગ્રહાલયના ક્યુરેટર ડૉ. પ્રત્યુષ પાટણકરે જણાવ્યું હતું કે, "ઉનાળાની અસહ્ય ગરમીમા પ્રાણીઓને ડિહાઈડ્રેશન અને થાકથી બચાવવા માટે અમે અનેક પગલાંઓ લીધાં છે. જેમ કે સંગ્રહાલયમાં સતત પાણીનો છંટકાવ, પક્ષીગૃહની અંદર ફોગર્સ, પાંજરાની અંદર બરફના બ્લોક્સ મૂકવા, કૃત્રિમ છાંયડાવાળા વિસ્તારો બનાવવા અને પ્રાણી સંગ્રહાલયના પરિસરમાં ઠંડકની અસર માટે તેમને ભીના કરવા આ સાથે પ્રાણીઓને રસદાર મોસમી ફળો અને શાકભાજી પૂરા પાડવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત ડિહાઈડ્રેશન અને થાકને રોકવા માટે પાણીમાં ઓરલ રિહાઈડ્રેશન સોલ્યુશન્સ અને મિનરલ સપ્લિમેન્ટ્સ ભેળવવામાં આવી રહ્યા છે. પ્રાણીઓ કુદરતી રીતે પોતાને ઠંડુ કરી શકે તે માટે એન્ક્લોઝરની અંદરના પૂલ અને જળાશયોને નિયમિતપણે સાફ અને રિફિલ કરવામાં આવી રહ્યા છે. આ સાથે પશુચિકિત્સા ટીમો ચોવીસ કલાક પ્રાણીઓના સ્વાસ્થ્ય અને વર્તન પર નજીકથી નજર રાખી રહી છે,".

વડોદરા બનશે 'ગ્રીન સિટી'

# શહેરના 28 સ્થળોએ 56 નવા EV ચાર્જિંગ પોઈન્ટ્સ ઊભા કરાશે

PM E-DRIVE યોજના હેઠળ રૂ. 4 કરોડના ખર્ચે પ્રોજેક્ટ સાકાર થશે



(પ્રતિનિધિ), વડોદરા. તા.14

વડોદરા શહેરને વધુ સ્વચ્છ, હરિયાળું અને પ્રદૂષણમુક્ત બનાવવાના ઉમદા હેતુ સાથે વડોદરા મહાનગરપાલિકા દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરમાં ઈલેક્ટ્રીક વાહનોના વધતા વ્યાપને ધ્યાનમાં રાખીને, પાલિકા દ્વારા ગ્રીન મોબિલિટી તરફ ડગ માંડતા કુલ 28 સ્થળો પર આધુનિક EV ચાર્જિંગ સ્ટેશનો વિકસાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ભારત સરકારની 'PM E-DRIVE SCHEME' અંતર્ગત હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ પાછળ અંદાજિત રૂ. 4 કરોડનો ખર્ચ થવાની સંભાવના છે. આ રકમમાંથી ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ હેવી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા રૂ. 1.75 કરોડની ગ્રાન્ટને મંજૂરી પણ આપી દેવામાં આવી છે. નાગરિકોને સરળ, ઝડપી અને સુલભ ચાર્જિંગની સુવિધા મળી રહે તે માટે આ સ્ટેશનો ચાર્જ પોઈન્ટ ઓપરેટર્સ દ્વારા વિકસાવવામાં આવશે. આ મોડેલ દ્વારા ટેકનોલોજી અને વ્યવસ્થાપન વધુ સુદ્રઢ બનશે, જેનાથી વાહનચાલકોને કોઈ પણ અવરોધ વિના ચાર્જિંગની સુવિધા પ્રાપ્ત થશે. પાલિકા દ્વારા શહેરના એવા વ્યૂહાત્મક સ્થળોની પસંદગી કરવામાં આવી છે જ્યાં નાગરિકોની અવરજવર વધુ હોય. જેમાં શહેરના મુખ્ય માર્ગો અને જાહેર સ્થળો, વડોદરા મહાનગરપાલિકાની વિવિધ વહીવટી બિલ્ડીંગો, શહેરના સાર્વજનિક બગીચાઓ અને તળાવોના પાર્કિંગ વિસ્તારો. આ પહેલથી વડોદરાના "ગ્રીન સિટી - ક્લીન સિટી"ના સંકલ્પને વધુ મજબૂતી મળશે. પ્રદૂષણમુક્ત વડોદરાના નિર્માણ માટે મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને વધુમાં વધુ ઈલેક્ટ્રીક વાહનો અપનાવવા અપીલ કરવામાં આવી છે. આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થવાથી આગામી સમયમાં શહેરમાં ઈલેક્ટ્રીક વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે.

ગુંજન સેવ-ઉસળ વાળી ગલીમાં કારમાં લાગેલી આગથી અફરાતફરી

# ફતેગંજમાં પાર્ક કારમાં ભભૂકી આગ, ગણતરીની મિનિટોમાં ગાડી ખાખ

(પ્રતિનિધિ), વડોદરા. તા.14



સમગ્ર ગુજરાત સહિત વડોદરા શહેરમાં હાલ કાળઝાળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. વધતા જતા તાપમાનની સાથે જ શહેરમાં આગજનીના બનાવોમાં પણ ચિંતાજનક ઉછાળો આવ્યો છે. આજે બપોરના સમયે શહેરના વ્યસ્ત ગણાતા ફતેગંજ વિસ્તારમાં એક ફોર વ્હીલર કારમાં અચાનક આગ ફાટી નીકળતા વિસ્તારમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ, ફતેગંજ વિસ્તારમાં આવેલી કોન્વેન્ટ સ્કૂલની પાછળ, 'ગુંજન સેવ-ઉસળ' વાળી ગલીમાં એક ફોર વ્હીલર કાર પાર્ક કરેલી હતી. બપોરના સુમારે આ કારમાં અચાનક ધુમાડા નીકળવાનું શરૂ થયું હતું અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. સૂકા હવામાં લપેટાયેલી આગ એટલી ઝડપી હતી કે કારનો મોટાભાગનો હિસ્સો મિનિટોમાં જ આગની લપેટમાં આવી ગયો હતો. આગ લાગતા જ આસપાસના રહીશો અને દુકાનદારો દોડી આવ્યા હતા. સ્થાનિકોએ સતર્કતા દાખવી પોતાની પાસે રહેલા ફાયર સેફ્ટીના સાધનો અને પાણીનો ઉપયોગ કરી આગ પર કાબૂ મેળવવાનો અથાક પ્રયાસ કર્યો હતો, પરંતુ આગની તીવ્રતા એટલી વધારે હતી કે તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. બનાવની જાણ તુરંત ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી, પરંતુ ફાયર ફાઈટરો ઘટનાસ્થળે પહોંચે તે પૂર્વે જ કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી.

સદનસીબે જ્યારે આગ લાગી ત્યારે કારની અંદર કોઈ વ્યક્તિ સવાર ન હતી. જેના કારણે એક મોટી જાનહાનિ અને જંગી દુર્ઘટના ટળી હતી. આ ઘટનાને પગલે ફતેગંજ વિસ્તારમાં કુતૂહલવશ લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. હાલમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, પરંતુ પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટ સર્કિટ કારણભૂત હોવાનું મનાઈ રહ્યું છે.

રોકડ રકમ સહિત રૂા. 5.80 લાખની મતાની ચોરી

# ધારાસભ્ય યોગેશ પટેલના ભત્રીજાના ઘરમાં ચોર ત્રાટક્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરાના રાવપુરા વિસ્તારમાં એક ટ્રાવેલ્સ વેપારી જે ધારાસભ્ય યોગેશ પટેલના ભત્રીજા થાય છે. તેઓ વહેલી સવારે કમાટી બાગમાં વોકિંગ માટે ગયા હતા જ્યારે માતા મંદિરે ગયા હતા. તે દરમિયાન કોઈ ચાવી વડે તાળુ ખોલી રોકડ રૂપિયા અને લેપટોપ મળી રૂ.5.80 લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયો છે. કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

અમદાવાદી પોળ કડવા શેરીમાં રહેતા અમીષ સુનીલભાઈ પટેલ ટ્રાવેલ્સના ધંધા સાથે સંકળાયેલા છે અને "ધ ગ્લોબલ એઝ કન્સલ્ટન્ટ" નામે શિયાપુરા મસ્જિદની ગલી ખાતે ઓફિસ ધરાવે છે. જેઓ ધારાસભ્ય યોગેશ પટેલના ભત્રીજા થાય છે જે હાલ તેમની પુત્રીને શાળામાં વેકેશન હોવાથી પત્ની પિયર ગઈ હોવાથી તેઓ અને તેમની માતા હંસાબેન ઘરે રહેતા હતા. 14 મેના રોજ વહેલી સવારે અમીષ પટેલ રોજની જેમ કમાટીબાગ ખાતે વોક માટે ગયા હતા, જ્યારે તેમની માતા અંબામાતા મંદિર ખાતે દર્શન કરવા માટે નીકળ્યા હતા. આ દરમિયાન ઘરની ચાવી મકાનના મુખ્ય દરવાજા પાસે આવેલા સ્ટોરરૂમમાં સામાન ઉપર મૂકવામાં આવી હતી. સ્ટોરરૂમને તાળું ન હતું, સ્ટોપરથી બંધ હતીસવારે અંદાજે 9 વાગ્યે અમીષ પટેલ ઘરે પરત ફરતા તેમની માતાએ પૂછ્યું કે તેમની બેગ ક્યાં છે. ત્યારબાદ ઘરમાં તપાસ કરતા મેઈન રૂમના ટેબલ પર મુકેલી બેગ મળી આવી નહોતી. બેગમાં છેલ્લા સાત દિવસના ધંધાના આશરે રૂ.5 લાખ રોકડા તેમજ અંદાજે રૂ.80 હજારનું ડેલ કંપનીનું ગ્રે કલરનું ટચ સ્ક્રીન લેપટોપ મુકેલું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે કોઈ અજાણ્યા ચોર સ્ટોરરૂમમાંથી ચાવી મેળવી ઘરના મુખ્ય દરવાજાનું તાળું ખોલી અંદર પ્રવેશ કર્યો હતો અને રોકડ તેમજ લેપટોપની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

પ્રથમ તબક્કામાં 8 કિમીમાં ક્રોકોડાઇલ વ્યુઇંગ પાર્ક, સાયકલિંગ ટ્રેક અને ગાર્ડનનું આયોજન

# વિશ્વામિત્રીના 40 કિ.મી. વિસ્તારમાં રિવરફ્રન્ટ અને ઈકો-રિસ્ટોરેશન થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરા શહેરની જીવાદોરી સમાન ઐતિહાસિક વિશ્વામિત્રી નદીના પુનરુદ્ધાર અને સર્વાંગી વિકાસ માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા મહત્વાકાંક્ષી આયોજન હાથ ધરવામાં આવ્યું છે. વિશ્વામિત્રી નદી પૂર નિયંત્રણ તથા નિવારણ સમિતિની મહત્વપૂર્ણ બેઠક બી. એન. નવલાવાલાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી, જેમાં નદીના સંરક્ષણ, પૂર નિયંત્રણ અને વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. મહાનગરપાલિકા દ્વારા વિશ્વામિત્રી નદીના કુલ 40 કિલોમીટર વિસ્તારમાં રિવર રિજુવેનેશન, કન્ઝર્વેશન, બાયોશીલ્ડ અને રિવરફ્રન્ટ ડેવલપમેન્ટની કામગીરી હાથ ધરાશે. આ સમગ્ર પ્રોજેક્ટને વધુ અસરકારક રીતે અમલમાં મૂકવા માટે ખાસ SPV (સ્પેશિયલ પર્પઝ વ્હીકલ) બનાવવાની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી છે. પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં 8 કિલોમીટરના વિસ્તારમાં વિવિધ સુવિધાઓ અને આકર્ષણો ઉભા કરાશે. નાગરિકો માટે ચિલ્ડ્રન પાર્ક, સિનિયર સિટીઝન પાર્ક, વોકિંગ અને સાયકલિંગ ટ્રેક બનાવાશે. સાથે જ પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે "ક્રોકોડાઈલ વ્યુઈંગ પાર્ક" અને રિક્રિએશનલ ઝોન વિકસાવવામાં આવશે.

**"વહો વિશ્વામિત્રી અભિયાન"ને મળશે ગતિ**

કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા "વહો વિશ્વામિત્રી અભિયાન" અંતર્ગત નદીના કિનારે બાયોશીલ્ડ વિકસાવવાની કામગીરી શરૂ થશે. પાયલોટ પ્રોજેક્ટ તરીકે 500 મીટરના વિસ્તારમાં સાઈટ વિઝિટ અને પ્લાનિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં શાળાઓ, કોલેજો, પર્યાવરણવિદો અને નિષ્ણાતોને જોડીને જનભાગીદારીથી વિશ્વામિત્રીના શુદ્ધિકરણ અને સંરક્ષણનું કાર્ય હાથ ધરાશે.

આ સમગ્ર કામગીરી માટે જાણીતા સલાહકાર HCP ની નિમણૂક કરવામાં આવનાર છે, જે પર્યાવરણ સંરક્ષણ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટને ધ્યાનમાં રાખી પ્રોજેક્ટની ડિઝાઈન તૈયાર કરશે. બીજી તરફ શહેરમાં ચોમાસા દરમિયાન પૂરનું જોખમ ઘટાડવા માટે ગેબિયન પ્રોટેક્શનની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. મંગલ પાંડે બ્રિજ, ચેતક બ્રિજ, નવલખી તળાવ અને સયાજીબાગ ઝૂ પાછળના વિસ્તારોમાં સુરક્ષાત્મક કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની દિશામાં કામ થઈ રહ્યું છે. મહાનગરપાલિકાએ નદી, કોતરો, તળાવો અને કાંસોમાં ગેરકાયદેસર રીતે કચરો કે કન્સ્ટ્રક્શન વેસ્ટ ફેંકનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપી છે.

45થી વધુ વાહનચાલકો દંડાયા

# ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા પેસેન્જર વાહનો સામે લાલ આંખ

(પ્રતિનિધિ), વડોદરા. તા.14



વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પેસેન્જર વાહનોના ચાલકો દ્વારા ટ્રાફિક નિયમોનો ખુલ્લેઆમ ભંગ કરવામાં આવી રહ્યો હોવાની ફરિયાદો વચ્ચે બુધવારે ટ્રાફિક પોલીસ અને આરટીઓ વિભાગે સંયુક્ત ડ્રાઈવ હાથ ધરી હતી. શહેરના વિવિધ વિસ્તારોમાં ઉભા રહી ટીમોએ પેસેન્જર વાહનોની ચકાસણી કરાઈ હતી. ચકાસણી દરમિયાન ઘણા વાહનચાલકો પાસે ડ્રાઈવિંગ લાયસન્સ, આર.સી. બુક, ફિટનેસ અને અન્ય જરૂરી દસ્તાવેજો ન હોવાનું સામે આવ્યું હતું. ઉપરાંત અનેક વાહનોમાં નક્કી કરેલી મર્યાદા કરતા વધારે મુસાફરોને બેસાડીને જોખમી રીતે વાહન હંકારવામાં આવતા હોવાનું પણ સામે આવ્યું હતું. ટ્રાફિક પોલીસ અને આરટીઓની ટીમે નિયમોનો ભંગ કરનાર અંદાજે 45થી 50 જેટલા વાહનચાલકો સામે કાર્યવાહી કરી દંડાત્મક ચલણ ફટકાર્યા હતા. અચાનક શરૂ કરાયેલી કાર્યવાહીના કારણે વાહનચાલકોમાં એક સમયે ફફડાટનો માહોલ સર્જાયો હતો. કેટલાક વાહનચાલકો પોલીસને જોઈ માર્ગ બદલીને ભાગવાનો પ્રયાસ કરતા પણ નજરે પડ્યા હતા.

મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આવી કાર્યવાહી આગામી દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે અને નિયમોનો ભંગ કરનાર સામે કડક પગલાં લેવામાં આવશે.

આજવા રોડના એકતાનગરમાં એસઓજીનો દરોડો

# 10 કિલોથી વધુ ગાંજો અને હાઈબ્રીડ ગાંજાના જથ્થા સાથે કેરીયર ઝડપાયો

**ગાંજાના જથ્થા** સહિત રૂ.7.87 લાખનો મુદ્દામાલ કબજે



(પ્રતિનિધિ), વડોદરા. તા.14

આજવા રોડના એકતાનગર વિસ્તારમાં એસ ઓ જી ની ટીમે રેડ કરીને 10 કિલોથી વધુ ગાંજો તથા હાઈબ્રીડ ગાંજાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. રૂ.7.87 લાખથી વધુના મુદ્દામાલ સાથે કેરીયરની ધરપકડ કરાઈ છે. જ્યારે ગાંજો સપ્લાય કરનાર આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. ગોરવા પોલીસ સ્ટેશનના એન.ડી. પી.એસ. ગુનામાં ઝડપાયેલા મોહન નંદુ નીનામાની પૂછપરછ દરમિયાન ખુલાસો થયો હતો કે તે રતલામથી ગાંજાનો જથ્થો ટ્રેન મારફતે વડોદરા લાવ્યો હતો અને છાયાપુરી રેલવે સ્ટેશન નજીકથી એકતાનગરમાં રહેતા રીઝવાન યુસુફ દીવાનને ગાંજો સપ્લાય કર્યો હતો. આ માહિતીના આધારે એસઓજી ટીમે આંબેડકરનગર, મરાઠીવાડ ખાતે આવેલા રીઝવાન દીવાનના મકાન પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન મકાનમાંથી 10 કિલો 90 ગ્રામ ગાંજો તેમજ 22 ગ્રામ હાઈબ્રીડ ગાંજો મળ્યો હતો. આરોપી ગાંજાની પડીકી બનાવી રૂ.100માં વેચતો હતો, હાઈબ્રીડ ગાંજાની પડીકી રૂ.1000માં વેચતો હતો. એસઓજીએ ગાંજો 10 કિલો 090 ગ્રામ રૂ. 5.04 લાખપ, હાઈબ્રીડ ગાંજો 22 ગ્રામ રૂ. 77 હજાર, રીક્ષા રૂ. 2 લાખ અને મોબાઈલ સહિત રૂ.7.87 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# વોર્ડ નં. 10 અને 11માં વિકાસકાર્યોનો ભારે ધમધમાટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરા મહાનગરપાલિકાના "વન ડે વન વોર્ડ" અભિયાન હેઠળ પશ્ચિમ ઝોનના વોર્ડ નં. 10 અને 11 માં સફાઈ અને પ્રી-મોન્સૂન કામગીરી હાથ ધરાઈ હતી. વોર્ડ નં. 10માં ભાયલી ટી.પી. 5 સામે અને વિહવ સ્કાય વન પાસે આવેલા કેનાલ રોડ પર ઝાડી-ઝાંખરા દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી. લાંબા સમયથી ઉગી નીકળેલી વનસ્પતિના કારણે વાહનચાલકો અને રાહદારીઓને પડતી મુશ્કેલી દૂર થતાં માર્ગ વધુ સુરક્ષિત બન્યો છે. વોર્ડ નં. 11માં આગામી ચોમાસાને ધ્યાનમાં રાખી હરીનગર બ્રિજ સર્વિસ રોડથી તરુણ સોસાયટી સુધી વરસાદી ગટર લંબાવવાની કામગીરી માટે ટ્રાયલ પિટ ખોદવામાં આવી હતી. ભૂગર્ભ પાઈપલાઈનની ચકાસણી બાદ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવશે.

પાંચ ગોળીઓ ખાઈ લેતા સયાજી હોસ્પિટલમાં દાખલ

# સોમા તળાવ પાસે વુડાના મકાનની યુવતીએ ઊંઘની ગોળીઓ ગટગટાવી

(પ્રતિનિધિ), વડોદરા. તા.14

શહેરમાં માનસિક તણાવ અથવા સ્વાસ્થ્યના કારણોસર દવાના ઓવરડોઝના કિસ્સાઓ વધી રહ્યા છે, ત્યારે ગત રાત્રે સોમા તળાવ વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના બની હતી. અહીં વુડાના મકાનમાં રહેતી 22 વર્ષીય યુવતીએ મોડી રાત્રે એકસાથે ઊંઘની પાંચ ગોળીઓ ખાઈ લેતા તેની તબિયત લથડી હતી. યુવતીને સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, શહેરના સોમા તળાવ વિસ્તારમાં આવેલા વુડાના આવાસોમાં ખુશ્બુ મકરાણી નામની 22 વર્ષીય યુવતી તેના પરિવાર સાથે રહે છે. રવિવારે રાત્રે આશરે 11 વાગ્યાના સુમારે ખુશ્બુ મકરાણીએ અચાનક ઊંઘની ગોળીઓ ગટગટાવી લીધી હતી. ઘટનાની જાણ થતા જ પરિવારમાં નાસભાગ મચી ગઈ હતી અને તેને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવાની તજવીજ હાથ ધરી હતી. તેને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સારવાર બાદ હાલ યુવતીની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.તબીબોના મતે, કોઈપણ દવા ડોક્ટરની સલાહ વગર લેવી જોખમી સાબિત થઈ શકે છે. ખાસ કરીને ઊંઘની ગોળીઓનો ઓવરડોઝ જીવલેણ નીવડી શકે છે. જો આવી કોઈ સમસ્યા હોય તો નિષ્ણાત મનોચિકિત્સક કે ડોક્ટરનો સંપર્ક કરવો હિતાવહ છે. જો સલાહ વગર કોઈપણ દવા લેવામાં આવે તો સ્વાસ્થ્ય માટે જોખમકારક બની શકે છે.

વડોદરા પાલિકાનો 'પાવર' સેવિંગ પ્લાન

# હવે ઓફિસમાં બિનજરૂરી એસી-લાઈટ ચાલુ રાખનારા કર્મચારીઓની ખેર નહીં

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરા મહાનગરપાલિકામાં હવે વીજળી અને ઈંધણના બિનજરૂરી વપરાશ સામે કડક કાર્યવાહી થશે. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ 'મિશન એનર્જી સેવિંગ' અંતર્ગત મહત્વપૂર્ણ પરિપત્ર જાહેર કરી પાલિકાની તમામ કચેરીઓ, વિભાગો અને ખાતાઓમાં કરકસર અને સંસાધનોના કાર્યક્ષમ ઉપયોગના આદેશ આપ્યા છે. પરિપત્ર અંક-04/2026-27 મુજબ કર્મચારીઓ અને અધિકારીઓએ વીજ ઉપકરણોના ઉપયોગમાં શિસ્ત જાળવવાની રહેશે.

પરિપત્રમાં જણાવાયું છે કે જ્યાં કુદરતી સૂર્યપ્રકાશ પૂરતો ઉપલબ્ધ હોય ત્યાં દિવસ દરમિયાન બિનજરૂરી ટ્યુબલાઈટો ચાલુ રાખી શકાશે નહીં. કચેરી શરૂ થાય તે પહેલાં અથવા ઓફિસ સમય પૂર્ણ થયા બાદ લાઈટ, પંખા, એસી, કુલર, કોમ્પ્યુટર સહિતના ઉપકરણો ચાલુ જોવા મળશે તો જવાબદારી નક્કી કરી કાર્યવાહી કરવામાં આવશે.

સાથે જ કર્મચારી પોતાની સીટ પરથી ગેરહાજર હોય ત્યારે પંખા-લાઈટ કે અન્ય ઉપકરણો ચાલુ રાખવા પર પણ રોક લગાવવામાં આવી છે. કોમ્પ્યુટર પર કામગીરી ન ચાલતી હોય ત્યારે તેને બિનજરૂરી રીતે ચાલુ રાખવાને બદલે બંધ રાખવાની ખાસ સૂચના આપવામાં આવી છે. માત્ર વીજળી જ નહીં પરંતુ પાલિકાના સરકારી વાહનોના ઉપયોગ પર પણ અંકુશ મૂકાયો છે.

વિવિધ વિભાગો દ્વારા વાહનોનો બિનજરૂરી ઉપયોગ ટાળવા અને ઈંધણ બચાવવા માટે નવી માર્ગદર્શિકા અમલમાં મુકાઈ છે. સાથે જ અધિકારીઓને જરૂરી કામ સિવાય સરકારી વાહનોનો ઉપયોગ ન કરવા સૂચના આપવામાં આવી છે. વાહનોની નિયમિત મોનિટરિંગ પણ હાથ ધરાશે. પાલિકા તંત્રના સૂત્રોના જણાવ્યા મુજબ, વધતા વીજ બિલ અને ઈંધણ ખર્ચને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આગામી સમયમાં વિવિધ વિભાગોમાં અચાનક ચેકિંગ પણ હાથ ધરાશે અને નિયમોનું પાલન ન કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પાલિકાના તમામ વિભાગોને પરિપત્રની નકલ મોકલી કડક અમલ સુનિશ્ચિત કરવા જણાવાયું છે. આ પગલાનો મુખ્ય હેતુ સરકારી ખર્ચમાં ઘટાડો, સંસાધનોનો બચાવ અને પર્યાવરણ સંરક્ષણનો હોવાનું પાલિકા તંત્રએ જણાવ્યું છે.

વાઘોડિયાના કામરોલ અને અણખોલ વિસ્તારની ઘટના


# કિશોરીને અજાણ્યું જનાવર, કિશોરને સાપએ દંશ આપ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.14

વડોદરા જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં પ્રાણી કરડવાના બે ગંભીર બનાવો સામે આવ્યા છે. વાઘોડિયા તાલુકાના કામરોલ ગામની એક કિશોરી અને અણખોલ વિસ્તારના એક કિશોરને ઝેરી જનાવર તેમજ સાપ કરડતા બંનેને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રથમ બનાવમાં, વાઘોડિયા તાલુકાના કામરોલ ગામમાં રહેતી 13 વર્ષીય કિશોરી પોતાના ઘરે હાજર હતી, તે દરમિયાન અચાનક કોઈ અજાણ્યા જનાવરે તેના જમણા પગે બચકું ભરી લીધું હતું. જાનવીએ બૂમાબૂમ કરતા પરિવારજનો દોડી આવ્યા હતા. જનાવર કરડવાને કારણે જાનવીની તબિયત લથડતા તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. 108 ની ટીમે ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડી હતી. બીજો બનાવ અણખોલ વિસ્તારમાં બન્યો હતો. અહીં આવેલી શ્રીનાથજી દર્શન સોસાયટીમાં રહેતા 13 વર્ષીય બાળકને તેના ઘર પાસે જમણા પગે સાપે દંશ માર્યો હતો. સાપ કરડ્યાની જાણ થતા જ સોસાયટીમાં ભાગદોડ મચી હતી. બાળકને તેના પરિવારજનોએ તુરંત 108 એમ્બ્યુલન્સની મદદ લીધી હતી. પેરામેડિકલ સ્ટાફે સમયસૂચકતા વાપરીને બાળકને સયાજી હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ કર્યો છે. સયાજી હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને બાળકોની હાલત હાલ સ્થિર છે અને તબીબોની ટીમ દ્વારા તેમની સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. ચોમાસાની શરૂઆત કે ભેજવાળા વાતાવરણમાં સાપ અને અન્ય ઝેરી જીવજંતુઓ બહાર નીકળવાનું પ્રમાણ વધતું હોય છે, જે લોકચર્ચાનો વિષય બન્યો છે.

પાલિકાનો એક સાંધે ત્યાં તેર તૂટે' જેવો ઘાટ

# ગોત્રી ત્રણ રસ્તા પાસે પાણીની લાઈનમાં ભંગાણ, ભરઉનાળે પાણીનો વેડફાટ



વડોદરાઃ શહેરમાં ભર ઉનાળે એક તરફ અનેક વિસ્તારોમાં પીવાના પાણી માટે બૂમરાણ મચી રહી છે, ત્યારે બીજી તરફ તંત્રની બેદરકારીને કારણે હજારો લીટર શુદ્ધ પાણીનો વેડફાટ થઈ રહ્યો હોવાની ઘટના સામે આવી છે. વડોદરાના ગોત્રી વિસ્તારમાં આવેલી પાણીની ટાંકી પાસેના ત્રણ રસ્તા પર પાણીની મુખ્ય લાઈનમાં જોરદાર ભંગાણ પડતા રસ્તાઓ પર પાણીની રેલમછેલ જોવા મળી હતી. સ્થાનિક સૂત્રો અને પ્રાપ્ત વિગતો અનુસાર, ગોત્રી પાણીની ટાંકી પાસેના ત્રણ રસ્તા પર અચાનક પાણીની લાઈનમાં ભંગાણ પડ્યું હતું. આ ભંગાણ એટલું મોટું હતું કે ફૂલ પ્રેશર સાથે પાણી ઉછળીને રસ્તા પર વહેવા લાગ્યું હતું. જોતજોતામાં હજારો લિટર પીવાનું ચોખ્ખું પાણી રસ્તા પર વહીને ગટરમાં ઉતરી ગયું હતું. ઉલ્લેખનીય છે કે, આ જ વિસ્તારમાં માત્ર બે દિવસ પહેલા પણ પાણીની લાઈનમાં લીકેજની સમસ્યા સર્જાઈ હતી, જેનું સમારકામ કરવામાં આવ્યું હોવા છતાં ફરી તે જ સ્થળે અથવા તેની આસપાસ ભંગાણ સર્જાતા તંત્રની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.

વડોદરામાં એક બાજુ ઉનાળાની કાળઝાળ ગરમીમાં અનેક સોસાયટીઓના રહીશો પાણીના ટીપા માટે વલખા મારી રહ્યા છે અને ટેન્કરો પર નિર્ભર રહેવું પડે છે, ત્યારે બીજી તરફ પાલિકાના તંત્રની પ્રી-મોન્સૂન કામગીરી કે જાળવણીના અભાવે આ પ્રકારે પાણીનો વેડફાટ થતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોનું કહેવું છે કે, વારંવાર લાઈનોમાં ભંગાણ પડવાથી માત્ર પાણીનો જ વેડફાટ નથી થતો પરંતુ રસ્તાઓ પર પાણી ભરાઈ રહેવાથી વાહનચાલકોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. "એક સાંધે ત્યાં તેર તૂટે" જેવી પરિસ્થિતિ વડોદરાના આ વિસ્તારમાં જોવા મળી રહી છે. મહાનગરપાલિકા દ્વારા આ બાબતે કાયમી ઉકેલ લાવવામાં આવે અને લાઈનોના સમારકામમાં ગુણવત્તા જાળવવામાં આવે તેવી માંગ ઉઠી છે. હાલમાં આટલી મોટી માત્રામાં પાણીના વ્યયને રોકવા માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે સમારકામ શરૂ કરવામાં આવે તે જરૂરી છે.